# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) ભારતે વૈશ્વિક વેપાર અસંતુલનને દૂર કરવા માટે વિશ્વ વેપાર સંગઠન WTOના નિયમોનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

2) સંયુક્ત રાષ્ટ્રએ ભારતમાં ગ્રીન એનર્જી કોરિડોરના ત્રીજા તબક્કાની મંજૂરીનું સ્વાગત - કેન્દ્ર સરકારે એક લાખ 86 હજાર 406 કરોડ રૂપિયા મંજૂર કર્યા.

3) G-7 દેશો અને તેમના સાથી દેશો આગામી ચાર મહિનામાં બજારમાં આશરે 10 કરોડ બેરલ તેલનો પુરવઠો જારી કરશે.

4) ગુજરાતના ધોળાવીરાને દેશના ટોચના સ્મારકોમાં ‘કેટેગરી-A’નો દરજ્જો અપાયો.

5) એશિયન ગેમ્સ ક્રિકેટમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે ફાઇનલ મેચ રમાશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PIYUSH - G20 MEETING

અમેરિકાના મિલવૌકીમાં G-20 વેપાર મંત્રીઓની બેઠકના સમાપન પ્રસંગે ભારતે વૈશ્વિક વેપાર અસંતુલનને દૂર કરવા માટે વિશ્વ વેપાર સંગઠન WTOના નિયમોનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે કેટલાક દેશો સરકારી સમર્થન સાથે વધુ પડતું ઉત્પાદન મેળવી શકે છે, જેના કારણે અન્ય દેશોના બજારોમાં ખૂબ જ ઓછી કિંમતે માલ વેચાઈ શકે છે, શ્રી ગોયલે જણાવ્યું હતું કે વધુ પડતું ઉત્પાદન પોતે જ કોઈ સમસ્યા નથી; સમસ્યા ત્યારે ઊભી થાય છે જ્યારે છુપાયેલ સરકારી સમર્થન અથવા સબસિડી દેશમાં વધુ પડતું ઉત્પાદન તરફ દોરી જાય છે.

તેમણે દેશોમાં ઉત્પાદન અને પુરવઠા શૃંખલાને વિસ્તૃત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, શ્રી ગોયલે ભાર મૂક્યો હતો કે વિકાસશીલ દેશોને તેમના ઉદ્યોગો અને અર્થતંત્રોને વિકસાવવા માટે જરૂરી નીતિઓ ઘડવાની સ્વતંત્રતા આપવી જોઈએ. તેમણે નોંધ્યું હતું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થાઓમાંની એક છે. ભારતનું અર્થતંત્ર 140 કરોડથી વધુ લોકોની સ્થાનિક માંગ પર આધારિત છે અને ભારતની ઉત્પાદન ક્ષમતા સ્થાનિક અને વૈશ્વિક જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

# UN - INDIA GEC III

સંયુક્ત રાષ્ટ્રએ ભારતમાં ગ્રીન એનર્જી કોરિડોર (GEC-3) ના ત્રીજા તબક્કાની મંજૂરીનું સ્વાગત કર્યું છે. કેન્દ્ર સરકારે આ પ્રોજેક્ટ માટે એક લાખ 86 હજાર 406 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, જેમાં 54 હજાર 82 કરોડ રૂપિયાની કેન્દ્રીય સહાયનો સમાવેશ થાય છે. આ યોજનાનો ઉદ્દેશ્ય ઉર્જા ટ્રાન્સમિશન નેટવર્કને મજબૂત બનાવવા અને બેટરી સ્ટોરેજ સુવિધાઓ વધારવાનો છે.

સંયુક્ત રાષ્ટ્ર આબોહવા પરિવર્તનના કાર્યકારી સચિવ સિમોન સ્ટીલે જણાવ્યું હતું કે આ યોજના ભારતને તેની વધતી જતી નવીનીકરણીય ઉર્જા ક્ષમતાનો વધુ સારી રીતે ઉપયોગ કરવામાં સક્ષમ બનાવશે અને દેશની વધતી જતી વીજળી જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મદદ કરશે. તેમણે જણાવ્યું હતું કે મજબૂત ઉર્જા નેટવર્ક અને બેટરી સ્ટોરેજ ઊર્જા સુરક્ષામાં વધારો કરશે અને નવી રોજગારીની તકો ઊભી કરશે.

# CULTURE MIN - E AUCTION

સંસ્કૃતિ મંત્રાલયે પ્રધાનમંત્રીને આપવામાં આવેલી ભેટોની આઠમી ઈ-હરાજી આ મહિનાની 31મી તારીખ સુધી લંબાવી છે. આ વર્ષની ઈ-હરાજીમાં દિલ્હીની વિવિધતા અને વારસાને દર્શાવતા 30 વિવિધ સ્મૃતિચિહ્નોનો સમાવેશ થાય છે. જેમાં નવ ફોટો ફ્રેમ, નવ સ્મૃતિચિહ્નો અને છ શિલ્પો અને પ્રતિમાઓનો સમાવેશ થાય છે. વધુમાં, દિલ્હી મેટ્રોના બે મોડેલ, એક રમતગમતનું સ્મૃતિચિહ્ન, ધાર્મિક વસ્તુઓ, એક ચિત્ર, કલાકૃતિઓ અને હસ્તકલા પણ હરાજીમાં સામેલ છે. હરાજીમાંથી મળેલી રકમ નમામી ગંગે પ્રોજેક્ટમાં દાનમાં આપવામાં આવશે. સંપૂર્ણ વિગતો સત્તાવાર પોર્ટલ, pmmementos.gov.in પરથી મેળવી શકાય છે.

# AP-SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે વૈશ્વિક બાગાયત કેન્દ્રથી રાયલસીમાના ખેડૂતોને ફાયદો થશે. ગઈકાલે તેમણે આંધ્રપ્રદેશના અન્નમય્યા જિલ્લાના મદનપલ્લેમાં વૈશ્વિક બાગાયત કેન્દ્ર અને ભારતીય કૃષિ વિધ્યાલયનો શિલાન્યાસ કર્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સુશ્રી સીતારમણે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો આંધ્રપ્રદેશમાં બાગાયતને પ્રોત્સાહન આપવા માટે સાથે મળીને કામ કરી રહી છે. તેમણે સુધારેલ પાણી પુરવઠો, આધુનિક ટેકનોલોજી અને ખેડૂતો માટે વધુ સારી સુવિધાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે પીએમ-કિસાન, પાક વીમો અને પીએમ-કુસુમ જેવી યોજનાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. નાણામંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય કૃષિ વિધ્યાલય ખેડૂતોને નવી ટેકનોલોજી અને સુધારેલી ખેતી પદ્ધતિઓ વિશે માહિતી પ્રદાન કરશે. વૈશ્વિક બાગાયત કેન્દ્ર 10 જિલ્લાઓને આવરી લેશે, જેમાં કેરી, કેળા, ટામેટા અને દાડમ જેવા પાકોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ પ્રોજેક્ટ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે અને તેનો ખર્ચ અંદાજે એક લાખ કરોડ થવાનો અંદાજ છે.

# G7-OIL CRISIS

G-7 દેશોએ તેલ અને ડીઝલના વધતા ભાવ ઘટાડવા માટે એક મોટો નિર્ણય લીધો છે. G-7 દેશો અને તેમના સાથી દેશો આગામી ચાર મહિનામાં બજારમાં આશરે 10 કરોડ બેરલ તેલ જારી કરશે. પ્રથમ 20 દિવસમાં મોટી માત્રામાં ડીઝલ આપવામાં આવશે. અમેરિકામાં ડીઝલના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે, જેના કારણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સરકાર પર દબાણ વધી રહ્યું છે. નવેમ્બરમાં મધ્યવર્તી ચૂંટણીઓ યોજાવાની છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે જાહેરાત કરી છે કે યુરોપિયન દેશો તેમના તેલ ભંડારમાંથી મોટી માત્રામાં ડીઝલ બજારમાં આપશે.

ટ્રમ્પ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન વચ્ચેની વાતચીત બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. ફ્રાન્સના જણાવ્યા અનુસાર આંતરરાષ્ટ્રીય ઉર્જા એજન્સી આ સમગ્ર પ્રક્રિયાનું સંકલન કરશે. ઇરાન સાથે આઠ મહિનાથી ચાલી રહેલા યુદ્ધ દરમિયાન અમેરિકા અને અન્ય ઘણા દેશોમાં ઇંધણના ભાવમાં તીવ્ર વધારો થયો છે. G-7 ના આ નિર્ણયનો હેતુ બજારમાં તેલ અને ડીઝલનો પુરવઠો વધારવાનો અને વધતી કિંમતોને ઘટાડવાનો છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# DHOLAVIRA

ધોળાવીરાને દેશના ટોચના સ્મારકોમાં ‘કેટેગરી-A’નો દરજ્જો આપવામાં આવ્યો છે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે ધોળાવીરાને કેન્દ્ર સરકાર દ્વારા દેશના અતિ મહત્વના 30 સ્મારકો ધરાવતી રાષ્ટ્રીય યાદીમાં સ્થાન આપતા ધોળાવીરા હવે તાજમહેલ, લાલ કિલ્લો અને હમ્પી જેવા દેશના સર્વોચ્ચ અને ટોચના રાષ્ટ્રીય સ્મારકોની હરોળમાં મુકાઈ ગયું છે.

કેન્દ્ર સરકારે પ્રાચીન સ્મારકોના સંરક્ષણ માટેના વર્ષ 1959 ના નિયમોમાં ફેરફાર કરીને સુધારા નિયમો, 2026 જાહેર કર્યા છે. આ નવા સુધારા હેઠળ દેશના સંરક્ષિત સ્મારકોને બે મુખ્ય શ્રેણીમાં વહેંચવામાં આવ્યા છે, જેમાં ધોળાવીરાને સર્વોચ્ચ ગણાતા કેટેગરી-A'માં સ્થાન મળ્યું છે. ગુજરાતમાંથી ધોળાવીરા ઉપરાંત પાવાગઢ-ચંપાનેર સ્મારક અને પાટણની રાણી-કી-વાવ પણ આ પ્રતિષ્ઠિત કેટેગરીમાં સામેલ છે.

# IMD- WEATHER

હવામાન વિભાગે આજે અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. દરમિયાન આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વાવાઝોડાની શક્યતા છે. આંધ્રપ્રદેશ, કેરળ, માહે, લક્ષદ્વીપ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે. કોંકણ અને ગોવામાં ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા છે.

# REV. NAVAL CONFERENCE

દ્વિવાર્ષિક નૌકાદળ કમાન્ડરોની પરિષદ ગઈકાલે નવી દિલ્હીમાં પૂર્ણ થઈ. 29 સપ્ટેમ્બરથી પહેલી ઓક્ટોબર સુધી ચાલેલી આ પરિષદમાં નૌકાદળની તૈયારી, માળખાગત સુવિધાઓ, જાળવણી, તાલીમ અને માનવ સંસાધન વ્યવસ્થાપન પર ચર્ચા કરવામાં આવી હતી. બદલાતા વૈશ્વિક સુરક્ષા પરિદૃશ્ય અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) ના વધતા ઉપયોગ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. સ્વાયત્ત અને માનવરહિત પ્રણાલીઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દેશની વ્યૂહાત્મક સુરક્ષામાં ભારતીય નૌકાદળની ભૂમિકાની પ્રશંસા કરી તેમણે સ્વનિર્ભરતા તરફ નૌકાદળના પ્રયાસોની પ્રશંસા કરી. તેમણે નોંધ્યું હતું કે તાજેતરમાં નૌકાદળમાં સામેલ કરાયેલા 75 ટકાથી વધુ યુદ્ધ જહાજો સ્વદેશી રીતે બનાવવામાં આવ્યા છે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી રાજ્યમંત્રી જિતિન પ્રસાદે ટેકનોલોજીને ઝડપથી અપનાવવા પર ભાર મૂક્યો અને સેમિકન્ડક્ટર, AI અને ક્વોન્ટમ ટેકનોલોજીમાં દેશની ક્ષમતાઓને મજબૂત બનાવવાની જરૂરિયાત અંગે પ્રકાશ પાડ્યો હતો.

ભારતીય સંરક્ષણ દળોના વડા CDS જનરલ એન.એસ. રાજા સુબ્રમણીએ ટેકનોલોજી-સંચાલિત પરિવર્તન, મજબૂતીકરણ અને ત્રણેય દળો વચ્ચે મજબુત તાલમેલ પર પણ ભાર મૂક્યો હતો. પરિષદે ત્રણેય સેવાઓ વચ્ચે સંકલન વધારવા અને સંસાધનોના વધુ સારા ઉપયોગ પર પણ ભાર મૂક્યો હતો.

# ASIAN GAMES

એશિયન ગેમ્સ ક્રિકેટમાં આજે સુવર્ણ ચંદ્રક માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 10 વાગ્યે શરૂ થશે. આ મેચ નિશિન, જાપાન ખાતે આવેલા કોરોગી સ્પોર્ટ્સ પાર્કમાં રમાશે.

ભારતીય ટીમ શ્રીલંકાને હરાવીને ફાઇનલમાં પહોંચી છે, ભારતે સેમિફાઇનલમાં શ્રીલંકાને 124 રનથી હરાવ્યું હતું, જ્યારે પાકિસ્તાને બાંગ્લાદેશને છ વિકેટથી હરાવ્યું હતું.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોના મુખ્ય માથાળામાં અલગ-અલગ સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર અને નવગુજરાત સમયે.. જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ દેશભરમાં થયેલા દેખાવોને હેડ લાઇન બનાવી છે.
- સંદેશે મહાયુદ્ધના એંધાણ દર્શાવતા લખ્યું છે .. ઈરાન સામે લડવા ટ્રમ્પ એ વધુ 10 હજાર સૈનિકો પશ્ચિમ એશિયા મોકલ્યા..
- એશિયન ગેમ્સમાં દેશના ખેલાડીઓના શાનદાર પ્રદર્શનને બિરદાવતા દિવ્ય ભાસ્કર એ હેડ લાઇન બનાવી છે.. ગોલ્ડ ગોલ્ડ ગોલ્ડ ગોલ્ડ- એશિયન ગેમ્સમાં 1 દિવસમાં 6 ગોલ્ડ..
- સ્થાનિક સમાચારોમાં.. ગુજરાતમાં UCC ની રાષ્ટ્રપતિની મહોર.. LCB - બિશનોઈ ગેંગ વચ્ચે ફાયરિંગ.. ગુજરાતમાં અસલી તેલમાં નકલી તેલનો કાળો કારોબાર જેવા સમાચારોને સ્થાન મળ્યું છે.